રાજયની કૃષિ યુનિવર્સિટીઓને રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત વિવિધ હેતુ માટે આપવામાં આવતા ફંડની ફાળવણી અંગે.

કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ આરકેવી/૧૦૨૦૧૨/૪૪૯૧/ક.૭
તા.૧૮/૧૨/૨૦૧૨

## પરીપત્ર

રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત રાજયની કૃષિ યુનિવર્સિટીઓના પ્રોજેકટો SLSC ની મીટીંગમાં મંજુર થયા બાદ આ પ્રોજેકટો માટે ખેતી નિયામકશ્રી મારફત ફંડ ફાળવી આપવામાં આવે છે. કેટલીક વખત એવું જોવા મળે છે કે કૃષિ યુનિવર્સિટીને અપાયેલ મોટી રકમનું ફંડ વણવપરાયેલ પડી રહે છે અને જયારે આ ફંડ પરત લેવા માટે યુનિવર્સિટીને જણાવવામાં આવે છે ત્યારે આ બાબતે ખૂબ જ વિલંબ થતો હોય છે.જેને ધ્યાને લઈને તમામ કૃષિ યુનિવર્સિટીઓએ નીચેની સુચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧) ચારેય કૃષિ યુનિવર્સિટીના આર.કે.વી.વાયના ફંડ માટે આણંદ કૃષિ યુનિવર્સિટી કસ્ટોડીયન તરીકે રહેશે તથા આ માટે કૃષિ યુનિવર્સિટી આણંદે બેંકમાં અલગ ખાતું ખોલાવવાનું રહેશે.

(૨) ચારેય યુનિવર્સિટીઓની દરખાસ્તના અનુસંધાને ફાળવવાનું ફંડ એપીક ધ્વારા કસ્ટોડીયન તરીકેના આણંદ કૃષિ યુનિવર્સિટીના અલગ ખાતામાં જમા કરવાનું રહેશે.

(૩) સબંધિત યુનિવર્સિટી ધ્વારા જયારે બિલ પાસ કર્યાનો હુકમ કરવામાં આવે ત્યારે જ આર.ટી.જી.એસ. મારફતે આણંદ કૃષિ યુનિવર્સિટી ધ્વારા આ ખાતામાંથી જરૂરી ફંડ યુનિવર્સિટીને મોકલવામાં આવશે.

(૪) હાલમાં ચારેય કૃષિ યુનિવર્સિટી પાસે આર.કે.વી.વાયનું વણવપરાયેલ ફંડ કસ્ટોડીયન એકાઉન્ટમાં તબદીલ કરવાનું રહેશે.

(૫) એપીક સેલ ધ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટીને કસ્ટોડીયન એકાઉન્ટમાંથી ફંડ પરત મોકલવા સૂચના આપવામાં આવે ત્યારે તેણે તરત જ આ ફંડ આર.ટી.જી.એસ. મારફતે એપીક સેલને પરત કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

B R Thakkar
(બી.આર.ઠક્કર)
ઉપસચિવ(RKVY)

પ્રતિ,
(૧) કુલપતિશ્રી, સરદાર કૃષિનગર, દાંતીવાડા, એગ્રીકલ્ચર યુનિવર્સિટી, સરદાર કૃષિનગર
(૨) કુલપતિશ્રી, નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટી, નવસારી.
(૩) કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૪) કુલપતિશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
(૫) ખેતી નિયામકશ્રી,સેકટર –૧૦ એ,કૃષિ ભવન,ગાંધીનગર,
(૬) સભ્ય સચિવ અને ખેતી નિયામકશ્રી,એપીક સેલ,કૃષિ ભવન,ગાંધીનગર
(૭) અગ્રસચિવશ્રી(કૃષિ)ના રહસ્ય સચિવશ્રી તરફ અગ્રસચિવશ્રીને ધ્યાન પર મુકવા સારૂ.
(૮) સંયુકત સચિવશ્રી(કૃષિ યુનિ.),કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૯) ઉપસચિવશ્રી(કૃષિ યુનિ.),કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

T-2
2/1/13
E, DR, Compt
2/1/13
2/1
૧૭૮
3-1-2013

# Agriculture Project Implementation Cell - ( APIC )

Directorate of Agriculture, Krushibhavan, Sector-10/A, Gandhinagar

**URGENT**

જા.નં. એપીક/આરકેવીવાય/ગ્રાન્ટ/૫/ ૭-૧૨ /૨૦૧૨
તારીખ : ૦૨-૦૧-૨૦૧૩

પ્રતિ,
ઉપકુલપતિશ્રી,
આણંદ કૃષિ યુનિર્વસિટી,
આણંદ

વિષય : આરકેવીવાય અંતર્ગત SAU's ફંડ માટે કસ્ટોડીયન એકાઉન્ટ ખોલાવા બાબત............

સંદર્ભ : સરકારશ્રીનાં પરિપત્ર ક્રમાંક : આરકેવી/૧૦૨૦૧૨/૪૪૯૧/ક.૭.
તારીખ : ૧૮-૧૨-૨૦૧૨

સવિનય જણાવવાનું કે સંદર્ભ પત્રથી ચારેય કૃષિ યુનિર્વસિટીને આરકેવીવાય માટે ફાળવવામાં આવેલ ફંડને આણંદ કૃષિ યુનિર્વસિટી ખાતે કસ્ટોડીયન એકાઉન્ટ ખોલાવી ટ્રાન્સફર કરવાનો પરિપત્ર કરવામાં આવેલ છે. પરંતુ આ બાબતે કસ્ટોડીયન એકાઉન્ટ કે જમા કરાવવામાં આવેલ ફંડ સહીતથી કોઇ વિગત અત્રે ઉપલબ્ધ કરાવવામાં આવેલ નથી.

ઉપરોકત બાબતો ધ્યાને લઇ સદર પરિપત્રનાં આધારે તાકીદે ~~કામગીરી~~ કરી અત્રે જાણ કરવા વિનંતી છે.

સભ્ય સચિવ અને ખેતી નિયામક,
કૃષિ યોજના અમલીકરણ એકમ,
ગુ.રા., ગાંધીનગર

નકલ સવિનય રવાના :

૧. ઉપકુલપતિશ્રી, કૃષિ યુનિર્વસિટી, નવસારી / જુનાગઢ / દાંતીવાડા. તરફ પરિપત્રનો અમલ કરી વિગતો અત્રે મોકલવા સારૂ.
૨. અધિક સચિવશ્રી (આરકેવીવાય), કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂ.
૩. સંયુકત સચિવશ્રી (કૃષિ યુનિ.), કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂ.